ગાંધીનગર-દહેગામ શહેરમાંથી જય અંબે જયઘોષ સાથે પદયાત્રા સંઘો નીકળશે

ભાદરવી પૂનમ સંદર્ભે સે. ૧૩ જય અંબે પરિવાર ખાતે બેઠક યોજાઈ : વર્ષોથી સેવા કરતા સેવાભાવીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર અને દહેગામ શહેરમાંથી મોટી સંખ્યામાં બોલ મારી અંબે... જય જય અંબેના... જયઘોષ સાથે પગપાળા સંઘોમાં અંબાજીના દર્શન કરવા માટે વાટ પકડે છે. પદયાત્રા દરમિયાન સુવ્યવસ્થા જાળવવા માટે ગાંધીનગર-દહેગામ ઝોનના પદયાત્રા સંઘોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વર્ષોથી સેવા આપતા સેવાભાવીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સે. ૧૩-બી જય અંબે પરિવાર દ્વારા ગત ૨ ઓગષ્ટના રોજ બેઠક યોજવામાં આવી હતી. ગાંધીનગર અને દહેગામ ઝોનના પગપાળા જતા સંઘોના પ્રમુખ, મંત્રી અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં પધારેલા મહેમાનોનું સેક્ટર-૧૩ જય અંબે પરિવાર દ્વારા જગદંબા ભક્તિ વંદના, પુષ્પગુચ્છ, સુંદરકાંડ પુષ્પ અને નર્વાણ લેખન પોથી આપી સન્માન કરવામાં આવ્યું હતું.

મા આદ્યશક્તિની આરાધના કરી બેઠકની શુભ શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ જય અંબે પરિવારના લલીતભાઈ પટેલે ઉપસ્થિત સૌને શબ્દોથી આવકાર્યા હતા. તેમજ એન.જે. પટેલે પગપાળા સંઘ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી.

શ્રી ભાદરવી પૂનમિયા સંઘ સેવા ટ્રસ્ટ અંબાજીના ભોગીભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાંથી હજજારોની સંખ્યામાં પદયાત્રા સંઘો શક્તિની ભક્તિ કરવા માટે દોટ મુકે છે. ભાદરવી પૂનમનું મહત્વ અનેરૂ છે. અનેક ભક્તો માનતા પુરી કરવા માટે અલગ-અલગ પદ્ધતિથી અંબાજી પહોંચે છે.

ત્યારે ભક્તોની સાથે વાહનો પણ મોટી સંખ્યામાં હોય છે. સંઘોના વાહનોથી થતો ટ્રાફિક દૂર કરવા માટે મર્યાદિત પ્રમાણમાં વાહનો લઈ જવાની વાત રજૂ કરી હતી. તેમજ પહેલાથી જ વાહન પરવાનગી લેવાની જાણકારી આપી હતી. અનિવાર્ય સંજોગોમાં વાહન વધારવાની મંજૂરી પણ આપવામાં આવશે. મંજુરી દરેક સંઘના પ્રમુખ, મંત્રી પાસેથી મળી શકશે.

અંબાજી જતા પદયાત્રીઓ માટે સેવાભાવીઓ દ્વારા પોતાના ધંધો રોજગાર બંધ કરી સેવા આપવામાં આવતી હોય છે. ત્યારે દાયકાઓથી પખવાડિયા સુધી સેવાની ભેખ ધારણ કરી સેવા આપનાર ઉદ્યોગપતિ ભગુભાઈ પટેલનું દાનવીર મુકેશભાઈ પટેલ ખોરજના હસ્તે સ્મૃતિ ચિહ્ન આપવામાં આવ્યું હતું. તેમજ ત્રિશુળિયાઘાટ પર કઠીન પરિસ્થિતિ વચ્ચે પણ અવિરત ૩૪ વર્ષથી સેવા આપતા પાલનપુર આઈ.ટી.આઈ.ના આયોજકોનું જયંતિભાઈએ સન્માન કર્યું હતું.

બેઠકમાં કોઈપણ પદયાત્રીને સહેજ પણ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવા માટે દરેક આગેવાનોને જવાબદારી સોંપવામાં આવી હતી. બેઠકમાં વિશેષ સુઈગામ તાલુકાના અસરગ્રસ્તોને આપવામાં આવેલ રાહત કામગીરીની માહિતી અપાઈ હતી.

પ્રાંતિજમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત વર્કશોપ યોજાયો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના આરોગ્ય વિભાગના બ્લોકહેલ્થ સેન્ટર દ્વારા આજથી મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે તાલુકા મથક પ્રાંતિજમાં જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ગૌતમ નાયકે મહિલા સશક્તિકરણનો વર્કશોપ પ્રોગ્રામ યોજી 'બેટીનું સમાજમાં સ્થાન, મોભો અને સ્ત્રી સશક્તિકરણના જુદા જુદા પ્રોજેક્ટ બતાવી વર્કશોપને સફળ બનાવ્યો હતો.

મેઘરજ એટીએમ ગાર્ડ હત્યા કેસ મામલે અરવલ્લી દલીત સેનાએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

મોડાસા, તા. ૩

મેઘરજ તાલુકાના ગત ૨૧ જુલાઈ ૨૦૧૫ની રાત્રે શણગાલ ગામની દેનાબેંકમાં સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા દલિત યુવાનની અગમ્ય કારણોસર હત્યા કરી દઈ હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. આજે આ ઘટનાને બાર દિવસ જેટલો સમય વિતવા છતાં આ હત્યાનો ગુન્હો ઉકેલ્યો નહતો. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની દલિત સેનાએ આ ગુન્હાની ઝડપી તપાસ કરી હત્યારાને ઝડપી પાડવાની ઉગ્ર માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

મેઘરજ તાલુકાના વણુણા ગામનો યુવાન હિરાભાઈ કાળાભાઈ ચમાર શણગાલમાં આવેલા દેનાબેંકના એટીએમમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતો હતો. ગત ૨૧ જુલાઈના રોજ ફરજ હાજર રહેલા આ યુવાનની કોઈ અજાણ્યા ઈસમોએ એટીએમની અંદર જ બોથડ હથીયારના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી ફરાર થઈ ગયા હતા. આ ખૂનની ઘટનાને પગલે અરવલ્લી જિલ્લા પોલીસને તાબડતોડ ઘટનાસ્થળે ખડકી દઈ ડૉગસ્કવોડ અને એફએસએલની મદદ લેવામાં આવી હતી. અને આ ગુન્હો ઝડપથી ઉકેલી નાખવા અરવલ્લી જિલ્લા પોલીસવડાએ અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલને સોંપવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે આ હત્યાનો ભેદ ઉકેલવા અનેક મથામણ કરી સંદિગ્ધ ૮૦ થી વધુ લોકોની પૂછપરછ હાથ ધરવા છતાં હત્યાનો ભેદ ઉકેલવામાં વિલંબ થતાં આજે સાબરકાંઠા અને અરવલ્લી દલિત સેનાના સદસ્યોએ અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી યુવાનની વિધવા પત્નીને ભરણપોષણ માટે સરકારી સહાય ચુકવવા અને સરકારી યોજના મજુબ મૃતકની વિધવાને ૧૦ લાખ સહાય ચુકવવા તથા મૃતક યુવાનને ૨૧ દિવસની બાળકી હોઈ તેના ભરણપોષણ અને શારીરીક, આર્થિક સહાય માટે તાત્કાલિક અસરથી સહાય મેળવવામાં આવે તેવી માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

સાંસદો સસ્પેન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને કહ્યું હતું કે, મડાગાંઠને ઉકેલવાના પ્રયાસો કર્યા હતા. બેવડા ધોરણે નજરે પડી રહ્યા છે. કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, સરકાર ગૃહ ચલાવવા ઈચ્છુક નથી. ગુજરાત મોડલ ઉપર સંસદ ચલાવવાની સરકારની ઈચ્છા છે. એકતરફી વાતાવરણ જોવા મળી રહ્યું છે. કલ્યાણ બેનર્જીએ કહ્યું હતું કે, સ્પીકરના નિર્ણયનો અમે બહિષ્કાર કરીએ છીએ. સંસદમાં વાલી તરીકે તેઓ છે. સસ્પેન્સનો નિર્ણય ખોટો છે. છેલ્લા બે દશકમાં આ પ્રકારની બાબત જોવા મળી નથી. વિપક્ષના અવાજને દબાવી દેવાયો છે. રાજીવ શુક્લાએ કહ્યું હતું કે, આ ખૂબ જ બિનલોકશાહી દિવસ છે. કોંગ્રેસના સાંસદ સંતોષ ચૌધરીએ કહ્યું હતું કે, સસ્પેન્ડ કરાયેલાઓમાં તેઓ પોતે પણ સામેલ છે. કોંગ્રેસના ૨૫ સાંસદોને સસ્પેન્ડ કરવાને લઈને હજુ હોબાળો રહી શકે છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના રાજીનામાની માંગણી કરવામાં આવી રહી છે. નિયમ-૩૭૪(એ) હેઠળ આ કઠોર નિર્ણય કરાયો છે. સુમિત્રા મહાજને કહ્યું હતું કે, જે લોકોને સસ્પેન્ડ કરાયા છે તે લોકો આગામી પાંચ દિવસ સુધી ગૃહમાં હાજર રહી શકશે નહીં.

મહેસાણાના બટ વિસ્તારમાં અવર જવર કરવા મનાઈ

મહેસાણા પોલીસ હેડકવાટર્સ ખાત મહિલા સુરક્ષા સેતુ સશક્તિકરણ માટે મહિલાઓના ફાયરીંગ પ્રેકટીસનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ ઓગષ્ટથી ૧૦ ઓગષ્ટ સુધી કરેલ હોવાથી ફાયરીંગ બટના નિયત સ્થળના વિસ્તારમાં તેમજ બટના ઉપરના ભાગે ૧૫૦ મીટરની ત્રિજયામાં માણસો તથા પશુઓની અવરજવર પર સખ્ત માઈ કરવામાં આવી છે.

દહેગામની નર્સના બેંક એકાઉન્ટમાંથી ૪૯ હજાર ઉપડી ગયા

ગાંધીનગર, તા. ૩

દહેગામના શ્રીનાથ બંગ્લોઝ ખાતે રહેતી અને કડજોદરા પી.એચ.સી.માં નર્સ તરીકે ફરજ બજાવતી હેતલબેન બાબુભાઈ પટેલને બેંક એટીએમ મેનેજરના નામે એક ફોન આવ્યો અને તમારૂ એટીએમ કાર્ડ બંધ થઈ ગયું છે. હું ઓનલાઈન કાર્ડ ચાલુ કરી આપુ છુ તેમ કહી એટીએમની ડીટેઈલ લઈને તબક્કાવાર તેણીના ખાતામાંથી રૂ. ૪૯,૪૮૯ ઉપાડી લઈ છેતરી નાંખી હોવાની ઘટના બનવા પામી છે. નર્સ હેતલબેનની ફરીયાદના આધારે દહેગામ પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

અતિવૃષ્ટિથી કણસતી ગાયોના વ્હારે ઈન્ડીયન કાઉન્સીલ ફોર સોશિયલ વેલ્ફેર પહોંચ્યું

પાલનપુર, તા. ૩

બનાસકાંઠામાં અતિવૃષ્ટિથી ડીસા ધાનેરા રોડ ઉપર આવેલ ટેડોડાની રાજારામ ગૌશાળામાં સાત હજાર ઉપરાંત ગાયો હતી. જેમાંથી ગાયોના વાડા ઉપર વરસાદી પાણીના વ્હેણ ફરી વળતા બે હજાર જેટલી ગાયો તણાઈને મૃત્યુ પામી હતી. બાકી બચેલી પાંચ હજાર ગાયોના ઘાસના ગોડાઉનમાં પણ પાણી ફરી વળતા બચી ગયેલ ગાયોના નિભાવ માટે મુશ્કેલીઓ સર્જાતા ઈન્ડીયન કાઉન્સીલ ફોર સોશિયલ વેલ્ફેરના બનાસકાંઠાના પ્રમુખ સિનીયર એડવોકેટ શ્રી પરથીભાઈ ચૌધરીના નેતૃત્વમાં તેમની ટીમે આજે ગૌશાળાની મુલાકાત લઈ તબાહીનો ચિતાર મેળવ્યો હતો. તેમજ તાત્કાલિક દસ બોરી પશુદાણ અને રોકડ રકમની સહાય ગૌશાળાને અર્પણ કરી હતી. જિલ્લાના અતિવૃષ્ટિ ગ્રસ્ત લોકો માટે હજુ વધુ સહાય માટેની વ્યવસ્થા કાઉન્સીલ દ્વારા ગોઠવાઈ રહી છે. પરથીભાઈની સાથે એડવોકેટ હસમુખભાઈ રાવલ, હરેશભાઈ શર્મા, ગણપતભાઈ વિગેરે જોડાયા હતા.

બનાસકાંઠામાં સેવાભારતી સંસ્થાએ શરૂ કર્યો સેવા યજ્ઞ

બનાસકાંઠા, તા. ૩

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટીને કારણે અનેક ગામોની હાલત બેહાલ થઈ ગઈ છે. અસરગ્રસ્ત લોકોની મદદ માટે સંસ્થાઓ દ્વારા રાહનતી કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે સેવાભારતી, ગુજરાત પ્રાંત દ્વારા પણ બનાસકાંઠાના અતિવૃષ્ટી પ્રભાવિત ૪૫થી વધુ ગામોમાં કાર્યકર્તાઓની ટીમો બનાવીને વિવિધ પ્રકારની સહાય કામગીરી શરૂ કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા, ધાનેરા, લાખણી, વાવ, થરાદ તાલુકામાં અતિવૃષ્ટીના કારણે ઘણા બધા ગામોમાં ભારે જાનમાલને નુકશાન પહોંચ્યું છે. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરીત સેવાભારતી ગત બુધવારના રોજથી જ બનાસકાંઠા જિલ્લામાં આવેલ અતિવૃષ્ટીની ગંભીરતા સમજીને રાહત કાર્યમાં લાગી ગયા હતા.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા ૧૫૯૪ માતૃશક્તિને ૮ કરોડના સ્વરોજગાર-ધિરાણ સહાય લાભનું વિતરણ

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સરકારની સહાય યોજનાઓથી સ્વરોજગાર અપનાવતી નારીશકિતને તેમના ઉત્પાદનોના આકર્ષક પેકેજિંગ, બજાર વિતરણ વ્યવસ્થા અને વ્યવસાય તજજ્ઞતાનું વિશેષ પ્રશિક્ષણ રાજય સરકારના સંબંધિત વિભાગો પૂરૂં પાડશે તેવી નેમ દર્શાવી છે.

આ પ્રશિક્ષણ અને પેકેજિંગ, બજાર વિતરણ વ્યવસ્થાથી સમયાનુકુલ વ્યવસાયિક કૌશલ્યતાની તક લાભાર્થી માતા-બહેનોને મળશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ઉપકમે મહિલા સમૃધ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ યોજના તહેત ૧૫૯૪ અનુસૂચિત જાતિ માતા-બહેનોને રૂ. ૭ કરોડ ૯૭ લાખના ધિરાણ ચેકનું ગાંધીનગરમાં વિતરણ કર્યું હતું.

આ નિગમ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૮૯૫૮ અનુસૂચિત જાતિ મહિલાશકિતને રૂ. ૩૮ કરોડ ૮૧ લાખના સાધન-સહાય સ્વરોજગાર હેતુ વિવિધ ૨૦ જેટલા વ્યવસાયો માટે આપીને આર્થિક સક્ષમતાના માર્ગે વાળવામાં આવી છે.

ગુજરાત વિદ્યાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમારે જણાવ્યું હતું કે, ગતિશીલ ગુજરાતનું સૂત્ર આપીને રાજયની વિકાસની ગતિને તેજ બનાવનાર રાજયના મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મહિલાઓના શિક્ષણ, રોજગાર અને સર્વાંગી વિકાસ કરવાને પ્રાધાન્ય આપ્યું છે.

તેમના શાસનમાં પોલીસમાં ૩૩ ટકા અનામત અને રાજકીય ક્ષેત્રે પણ મહિલાઓને તક આપવાના ઉમદા આશયથી ૫૦ ટકા અનામતની જોગવાઈ કરી છે. મહિલાઓના ઉત્થાન માટે અમલી વિવિધ યોજનાઓ, પ્રધાનમંત્રી જન ધન યોજના, જીવન સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજનાઓ જેવી અનેક યોજનાઓની વિસ્તૃત ભૂમિકા તેમણે આપી હતી.

ચેક વિતરણ સમારોહમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશના ચેરમેન શ્રી રમેશ કે. સોલંકીએ કર્યા હતા. આભારવિધી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. એસ. ડાગુરે કરી હતી.

ખેડબ્રહ્મા તાલુકામાં ચાર પાકા રસ્તા માટે ૧૪.૧૦ કરોડની ફાળવણી

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકામાં માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગર દ્વારા ચાર પાકા રસ્તા અને પ્રોટેકશન દિવાલ માટે રૂ. ૧૪.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેથી લોકોને પાકા રસ્તાની સુવિધા ઉપલબ્ધ થશે. પરિણામે તાલુકામાં ખુશી પ્રસરી જવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકામાં માર્ગ અને મકાન પાટનગર યોજના વિભાગ દ્વારા ૧૮ કીલોમીટરની લંબાઈવાળા ચાર રસ્તા માટે રૂ. ૧૪.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જેમાં વાસણાથી રૂદ્રમાળા રોડ માટે રૂ. ૨૯૦ લાખ, ચાડા ગુંદેલ ગઢડા શામળાજી રોડ માટે રૂ. ૫૦૦ લાખ, મટોડા-ઝાંઝવા પાણાઈ-બહેડીયા ખેડવા રોડ માટે રૂ. ૫૫૦ લાખ તથા લક્ષ્મીપુરાથી તાંદલીયા રોડ માટે ૭૦ લાખ મળી કુલ રૂ. ૧૪.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

ચાડા-ગઢડા શામળાજી મટોડા ખેડવા રોડમાં વાઈડનીંગ.. બી.એસ.જી. કાર્પેટ સીલકોટ સ્લેબ ડ્રેઈનનું કામ તથા પ્રોટેક્શન દિવાલની કામગીરીનો સમાવેશ થાય છે. આ ચાર રસ્તાનું નવીનીકરણ માટે નાણા ફાળવવામાં આવતા લોકોની સુવિધામાં વધારો થશે. આ કામ મંજુર કરાવવા માટે પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા, જિલ્લા પ્રમુખ પૃથ્વીરાજ પટેલ તથા તાલુકા જિલ્લાના સંગઠને રજૂઆતો કરી હતી.

છત ભયજનક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં સ્થિત મોટાભાગના સરકારી મકાનોની છતમાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે કેટલાક સરકારી આવાસોમાં રીનોવેશનના અંતે પણ પાણી ટપકતુ હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે. રહીશોએ વરસાદમાં માથે છત હોવા છતા પોતાના ઘરમાં જ ભીંજાવાનો વારો આવે છે. સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાની સાથે વરસાદી દિવસોમાં પાણી ટપકતા વસાહતીઓ માટે ઘરમાં રહેવાનુ મુશ્કેલ બન્યુ છે. છતમાંથી પોપડા ખરતા રહીશોને ઈજા થઈ હોવાના પણ અનેક કીસ્સા છે. ત્યારે ચોમાસા દરમિયાન છતમાંથી પાણી ટપકતા વરસાદ વસાહતીઓ માટે જાણે આફતરૂપ બની જાય છે. ઈન્કવાયરી કચેરીમાં રહીશોની ફરિયાદ સાંભળવા માટે કોઈ નથી જયારે અનેક ફરિયાદોના અંતે ઝડપથી કોઈ પગલા લેવાતા નથી. ત્યારે તંત્ર દ્વારા આ મામલે યોગ્ય સર્વે હાથ ધરી તા સરકારી આવાસોની છતમાં લીકેજીસની સમસ્યા દુર કરવા ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. નગરના સરકારી આવાસોમાં દરવર્ષે ચોમાસા દરમિયાન છતમાંથી પાણી ટપકતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. પરંતુ આ મામલે તંત્ર કક્ષાએથી પણ સમસ્યા નિવારવા કોઈ માસ્ટર પ્લાન બનાવામાં આવતો નથી જેના પરિણામે રહિશોએ હેરનગતિ વેઠવાનો વારો આવે છે.

મુખ્ય મથકોએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત વિદ્યાર્થીઓ પણ શાળા સિવાયના સમયમાં શિક્ષકોનું માગદર્શન મેળવી શકતા નથી. જેના કારણે શિક્ષણ બોર્ડ દ્વારા રાજયની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો આચાર્યોને મુખ્ય મથકે જ વસવાટ કરવા માટે આદેશ આપ્યો છે. શિક્ષણ વિભાગે આ આદેશ સાથેનો પરિપત્ર દરેક જિલ્લા શિક્ષણાધિકારીને મોકલી આપવામાં આવ્યો છે. તેમજ તેનો દરેક શાળાના શિક્ષકો આચાર્યોને તેની જાણ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત દરેક શાળાના આચાર્યોને તેમની શાળાના શિક્ષકો અથવા અન્ય કર્મચારીઓ મુખ્ય મથકે રહે છે કે નહી તેની દેખરેખ રાખવાની જવાબદારી સોપવામાં આવી છે. જેથી હવે આચાર્યોએ તમામ શિક્ષકો કર્મચારીઓ મુખ્ય મથકે રહે છે કેમ તેની ચકાસણી કરી કર્મચારીઓના સંપૂર્ણ સરનામા મેળવીને શિક્ષણ વિભાગને મોકલી આપવાનાં રહેશે.

વૃક્ષોના ઉછેરમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોર્ડ માટે આડશ બન્યા છે. આમછતા વન વિભાગ દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવતુ નથી. જેના લીધે નાગરિકોએ હાલાકી ભોગવવી પડે છે. જયારે વરસાદ અને વાવાઝોડના સમયે પણ આ સ્થિતિ રાહદારીઓ માટે ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત પ્રવર્તી છે. બીજીતરફ રહેણાંક વિસ્તારમાં પણ ઘણાં ઠેકાણે આંતરિક રસ્તાઓને અડીને તોતિંગ વૃક્ષો જોવા મળી રહયા છે. અલબત્ત વૃક્ષોની વાવણી વેળાએ યોગ્ય પધ્ધતિ ન અપનાવાતા આમ નાગરિકો માટે પણ સમસ્યાઓ ઉદભવે છે. જયારે નગરની હરિયાળીને પણ નુકશાન થાય છે. નગરમાં રોપાઓની વાવણી મામલે અન્ય પરિબળો ધ્યાને લેવામાં આવતા નથી તેવો સુર પણ આક્રોશ સહ ઉઠવા પામ્યો છે.

અજવાળું - અજવાળું (પાના નં. ૪ નું ચાલુ)

'હવેથી હું એક શ્લોક - ચોપાઈ કે સૂત્રને ગોખીશ નહિ, આચરણમાં મૂકીશ.' જયશીલે હસતાં હસતાં કહ્યું.

અજવાળું રે મારે અજવાળું
ગુરુજી! તમે આવ્યે મારે અજવાળું

કોઈ જ્ઞાની અને બુદ્ધ પુરુષ કે મહાન વ્યક્તિત્વના સત્સંગમાં હોઈએ ત્યારે કયારેક પહેલી નજરે અવળવાણી લાગતી વાતમાં આખી જિન્દગીને ઉજાગર કરી દેનારો તેજપુંજ સમાયેલો હોય છે એની પ્રતીતિ જયશીલની જેમ આપણને પણ રોજિંદા જીવનમાં થતી જ હોય છે.

મોટા ભાગે આપણે (એમાં આ લેખક પોતાની જાતને પ્રથમ ક્રમે મૂકીને ચાલે છે) ઉપર-ઉપરથી જોવા અને જીવવા ટેવાયેલાં છીએ. પરિણામે 'માંહી પડ્યા તે મહાસુખ માણે'ની અનુભૂતિથી વંચિત રહી જતાં હોઈએ છીએ.

ધર્મગ્રંથો - સાહિત્યના કોઈ પણ સ્વરૂપનાં પુસ્તકો કે અભ્યાસલેખો આપણે મોટાભાગે **HAVE A LOOK** કરીને છોડી દઈએ છીએ, (કારણ કે આપણી પાસે સમય જ કયાં છે?) પરિણામે એમાં સમાયેલા અર્થની - સંવેદનાની અનુભૂતિ આપણને સ્પર્શી શકતી નથી.

અનુભવ અને અવલોકનથી એક સત્ય સમજાયું છે કે કંઠસ્થ કરવાથી - ગોખી જવાથી પ્રસિદ્ધિ કદાચ મળતી હશે પણ શબ્દો જયારે હૃદયસ્થ થાય છે ત્યારે શબ્દના અજવાળાને પામવાના રાજમાર્ગ તરફ બે ડગલાં જરૂર આગળ વધી શકાય છે.

ઉત્તમ સાધનોથી રમતવીર સફળ નથી થતો, તેની સફળતા એ રમતની ટૅકનિકને સમજવા પર નિર્ભર છે. મહાન વ્યક્તિત્વોના સફળતાનાં સૂત્રો વાંચી જવાથી સફળ ઉદ્યોગપતિ નથી બની શકાતું, એ માટે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાથી કોઠાસૂઝ કામ આવે છે! ભજનો ગાતાં-ગાતાં ભક્તિમાં એકરસ થઈને આંસુ આવે ત્યારે કયાંક કયારેક ભક્તિની ભીનાશ સ્પર્શે છે.

બાલમંદિર કે પ્રાથમિક શાળાનો અભ્યાસ જરૂરી છે જ, પરંતુ ત્યાં અટકવાનું નથી. ધરતી પરના રન-વે વિના આકાશમાં ઊડવું શક્ય જ નથી. પરંતુ કોઈ એક તબક્કાએ રન-વેને છોડીને ઉપર આકાશમાં ઉડાન ભરવી પડે છે.

કોઈ પણ પુસ્તકના પાને પાને શબ્દોમાં બ્રહ્માનંદ સમાયેલો છે એ વિષયમાં સમજદારી સાથે, સાતત્યપૂર્ણ રીતે ઊંડા ઊતરવાથી આપણને આનંદ પ્રાપ્ત થાય છે. એક જ કાવ્યપંક્તિ - ચોપાઈ કે દોહા-સૂત્રમાંથી એકથી વધુ અર્થ સાંપડે છે. તેથી જ જ્ઞાની પુરુષના મર્મભેદી વાક્યની ગહનતા સમજાય છે કે માત્ર વાંચવાથી કે ગોખવાથી નહિ, શબ્દોમાં રહેલા ભાવને સમજવાથી, એના અનુસાર જીવનમાં હકારાત્મક આચરણ કરવાથી વિશેષ આનંદ મળે છે. શબ્દાર્થ પર અટકી જવા કરતાં ગૂઢાર્થને પામવાનો મહિમા ન્યારો છે. આમ થવાથી આપણા જીવનમાં માત્ર વિચાર નહિ, વાતો નહિ, આચરણનું મહત્ત્વ ખુદ આપણને જ સમજાશે અને યોગ્ય આચરણના કારણે આપણી આસપાસ બાહ્ય વાતાવરણમાં અને આંતરમનમાં પણ અજવાળું રેલાશે.

તેજપૂંજ :

'રામચરિત માનસ' વ્યાકરણનો ગ્રંથ નથી, આચરણનો ગ્રંથ છે.
- મોરારિ બાપુ
માનસ-બોધ ગયા (બિહાર)ની રામકથામાં.